**પદ : ૧**

કેસર તિલક કરે, આવત હરિ કેસર તિલક કરે...આવત ટેક.
ધરત શ્વેત ઝીને તન અંબર, અમૃત ઝરત નજરે...આવત ૧
દોનુ ભુજા સખા ગળે નંખિયા, અખિયાં પ્રેમ ભરે...આવત ૨
ફૂલનકે ભુજબંધ મનોહર, ફૂલનકે ગજરે...આવત ૩
બ્રહ્માનંદ ઘનશ્યામ કી મૂર્તિ, નીરખી નજર ઠરે...આવત ૪

**પદ : ૨**

ચંદનખોર કિયે, આવત હરિ, ચંદનખોર કિયે..આવત ટેક.
સાથ સખા મંડળ અતિ શોભત, મોરલી હાથ લિયે..આવત હરિ ૧
વામ શ્રવન તિલ શ્યામ મનોહર, નેનનસે લખિયે..આવત હરિ ૨
સુંદર વંકી ભૃહ અલૌકિક, સુંદર હાર હિયે..આવત હરિ ૩
નિરખી છબી ઘનશ્યામ પિયા કી, બ્રહ્માનંદ જીયે..આવાત હરિ ૪

**પદ : ૩**

ગૌવન સંગ હરિ, આવત માઇ ગૌવન સંગ હરિઆવત માઇ. ટેક
ગૌ રજસે લપટાય રચો મુખ, ઉર વન માલ કરીઆવત માઇ. ૧
અતિ સુંદર નૌતમ તન અંગીયાં, પગીયાં રંગ ભરી..આવત માઇ. ૨
નિજ જન નિરખ હોત સુખ અંતર, ઉઠત દુષ્ટ બરી..આવત માઇ. ૩
બ્રહ્માનંદ છબી પ્રીતમકી, નેનન વીચ ધરી..આવત માઇ. ૪

**પદ : ૪**

લાલનકી લગીયાં , રસિક દ્રગ લાલનકી લગીયાં..રસિક દ્રગ. ટેક.
લગત નેન ધરી ધરની પર, ચલત નહિ ડગીયા..રસિક દ્રગ. ૧
મેરી ઓર નજર પિયે કીની, ઉર પ્રીતિ જગીયાં..રસિક દ્રગ. ૨
સુંદર હાર ગલે બીચ શોભીત, સુંદર શિર પગીયાં..રસિક દ્રગ. ૩
બ્રહ્માનંદ અહોનિશ એહી છબી, રહો નેનન અગીયાં..રસિક દ્રગ. ૪

**ટેક..**

કેસર તિલક કરે, આવત હરિ કેસર તિલક કરે.
ચંદનખોર કિયે, આવત હરિ, ચંદનખોર કિયે.
ગૌવન સંગ હરિ, આવત માઇ ગૌવન સંગ હરિ.
લાલનકી લગીયાં , રસિક દ્રગ લાલનકી લગીયાં.

પદ : ૧

હું તો જાઇશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ મા;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ મા...ટેક.
જાઇશ જોવા હું તો નંદજીનો લાલો,
હાં રે મુને પરમ સનેહી લાગે વાલો રે...મા મુને ૧
છેલ છબીલો વાલો કુંજનોવિહારી,
હાં રે એ તો જીવનદોરી છે મારી રે...મા મુને ૨
વારીશ મા રે તુંને કહું છું રે વહેલું,
હાં રે હું તો માથું જાતાં નહિ મેલું રે...મા મુને ૩
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાં રે કુરબાન કર્યું જીવન મારું રે...મા મુને ૪

પદ : ૨

હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ;
હાં રે કર્યાં તિલક કેસર કેરાં ભાલ રે, સુંદરવર હરિએ...ટેક.
શ્વેત પાઘ શિર ઉપર શોભે,
હાં રે જોઇ છોગલિયું ચિત્ત લોભે રે...ઊભા ૧
શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ,
હાં રે બાંધ્યા શ્વેત ફૂલોના બાજુ રે...ઊભા ૨
શ્વેતાંબર સર્વે અંગે બિરાજે,
હાં રે જોઇ કોટિક કામ છબી લાજે રે...ઊભા ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી,
હાં રે ચડયા ઘોડલડે વનમાળી રે...ઊભા ૪

પદ : ૩

વાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ;
મારું ચિત્તડું ચોરે છે સુખધામ રે, આંખડલીની અણીએ...ટેક.
ઘોડલાં ફેરે ને વ્હાલો મુજ સામું હેરે,
હાં રે મુને ન્યાલ કીધી આણે ફેરે રે...બાઈ ૧
ચપળ તોરંગ અતિ વેગે ફરે છે,
હાં રે એ તો ગરુડનો ગર્વ હરે છે રે...બાઈ ૨
સુરનર મુનિજન નીરખે છે પ્રીતે,
હાં રે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે...બાઈ ૩
રૂડો લાગે છે ખંભે ફરકે છે પટકો,
હાં રે રીજ્યો પ્રેમાનંદ જોઈ લટકો રે...બાઈ ૪

પદ : ૪

હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુનામેં;
સાથે લીધો છે સર્વે સમાજ રે, વ્રજને વિસામે...ટેક.
હળવા રે હળવા વાલો હાલે બજારે;
હાં રે ઊભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન ૧
છત્ર ચમર શીર ઉપર રાજે;
હાં રે આગે અગણિત વાજાં વાજે રે...જીવન ૨
ઊતર્યા ગોવિંદ જમુનામેં ના'વા;
હાં રે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવા રે...જીવન ૩
ગિરધર નહાય ને ગોપીઓ ગાય;
હાં રે જોઇ પ્રેમાનંદ વારી જાય રે...જીવન ૪

ટેક..

હું તો જાઇશ ગિરિધર જોવા રે, મા મુને વારીશ મા..
હાં રે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ..
વાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ..
હાં રે સખી ના'વા પધારે મહારાજ રે, જીવન જમુનામેં..